પંચાયત સેવા વર્ગ-૩ સંવર્ગની સીધી ભરતીથી નિમણુંક કરી ભરવાની થતી જગ્યાઓમાં દિવ્યાંગ ઉમેદવારો માટે ૪ ટકા જગ્યાઓ અનામત રાખવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક : અપગ/૧૦૨૦૨૨/૧૨૩૫/ખ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૩૦/૦૫/૨૦૨૨

વંચાણે લીધા :

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની તા.૩૦-૦૫-૨૦૨૨ ની પેટા તજજ્ઞ સમિતિની મંજુરી.

(૨) ડિસેબિલિટી રાઇટ્સ એન્ડ અવેરનેસ ફોરમના સભ્યોની તા.૨૪/૦૫/૨૦૨૨ની રજુઆત તથા અન્ય દિવ્યાંગ ઉમેદવારોની તા. ૧૩ /૦૫ /૨૦૨૨ ની રજુઆત.

(૩) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : અપગ / ૧૦૨૦૧૩ /૧૮૯૦ /ખ (પા.ફા.) તા.૦૬/૦૯/૨૦૨૧.

**પ્રસ્તાવના :**

વંચાણે લીધેલ ક્રમ ૨ દ્વારા "મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ),વર્ગ -૩" સંવર્ગમાં "OA(One Arm)" દિવ્યાંગતાનો સમાવેશ કરવાની બાબત રજુઆતો અત્રે મળેલ. આ રજુઆતો અંગે યોગ્યતે નિર્ણય માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની તજજ્ઞ સમિતિ સમક્ષ ફાઇલ રજુ કરવામાં આવેલ.

જેમાં આ દિવ્યાંગોની રજુઆત અન્વયે સહાનુભુતીપુર્વક વિચારણા કરતા વંચાણે લીધેલ ક્રમ ૧ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની તા.૩૦-૦૫-૨૦૨૨ ની પેટા તજજ્ઞ સમિતિ દ્વારા "મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ),વર્ગ -૩" સંવર્ગમાં "OA(One Arm)" દિવ્યાંગતાનો સમાવેશ કરવાની મંજુરી મળેલ. જે બાબતે નીચે મુજબનો સુધારા ઠરાવ બહાર પાડવામાં આવેલ છે.

**સુધારા ઠરાવ:**

આમ, પુખ્ત વિચારણાના અંતે વંચાણે લીધેલ ક્રમ (૧)માં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની પેટા તજજ્ઞ સમિતી દ્વારા "મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ),વર્ગ -૩"

સંવર્ગમાં "OA(One Arm)" દિવ્યાંગતાના સમાવેશને મંજુરીને ધ્યાને લેતાં વંચાણે લીધેલ ક્રમ ૩ ના ઠરાવના ક્રમ નં. ૧૭ સંવર્ગ "મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ),વર્ગ -૩" ની "C" કેટેગરીમાં OA(One Arm) દાખલ કરવામાં આવે છે.

વધુમાં, વિભાગના વંચાણે લીધેલ ક્રમ નં. ૩ ઠરાવ ક્રમાંક : અપગ/૧૦૨૦૧૩/ ૧૮૯૦ /ખ(પા.ફા.) તા.૦૬/૦૯/૨૦૨૧ની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આશુતોષ દેવડા)
સેક્શન અધિકારી
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

નકલ રવાના:

- માન.રા.ક.મંત્રી(પંચાયત),ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨ સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, બ્લોક નં.૫, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.
- વિકાસ કમિશ્નરશ્રી, બ્લોક નં.૧૬, જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ જાણ સારૂ.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, કર્મયોગી ભવન, બ્લોક નં.૨/૫ મો માળ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારશ્રીઓ તરફ જાણ સારૂ.
- કોર્ટ ઓફ કમિશ્નર (દિવ્યાંગ વ્યક્તિઓ માટેના) ગુજરાત રાજ્ય,કર્મયોગી ભવન, બ્લોક નંર. ગ્રાઉન્ડ ફ્લોર,ડી વિંગ-૧,સેક્ટર-૧૦ ગાંધીનગર ૩૮૨૦૧૦ તરફ જાણ સારૂ.
- ડિસેબિલિટી રાઇટ્સ એન્ડ અવેરનેસ ફોરમ ,બી-૧,શુભલક્ષ્મી ફ્લેટ, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫ તરફ જાણ સારૂ.
- સીસ્ટમ મેનેજનરશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવા સારૂ.